**કાયદો માત્ર કાગળ પર, ગ્રાઉન્ડ પર ધુમાડો**

# સ્કૂલો અને નવી સિવિલ બહાર જ વેચાય છે સ્લો પોઈઝન!






**WHOની 2026ની થીમ 'નશાના આકર્ષણને બેનકાબ કરવું' પણ સુરતનું મનપા તંત્ર નિયમોનું પાલન કરાવવામાં કેમ નકામું?**

**COTPA કાયદાના લીરેલીરા: શૈક્ષણિક સંસ્થાઓની 100 મીટરની ત્રિજ્યામાં જ મોતનું વેચાણ!**

### મામૂલી દંડનો કોઈ ડર નહીં, બાતમી લીક થવાની આશંકા

નિયમ તોડનારાઓને ૧૦૦થી ૫૦૦નો સામાન્ય દંડ કરીને છોડી દેવાય છે, જે આ ગલ્લાવાળાઓ માટે એક કલાકની કમાણી બરાબર છે. ઘણીવાર સત્તાવાર ચેકિંગ આવે તે પહેલા જ લારીઓ ગાયબ થઈ જાય છે અને અધિકારીઓની ગાડી જતા જ ફરી ગોઠવાઈ જાય છે. આ 'હપ્તા સિસ્ટમ' અને સાંઠગાંઠ તરફ આંગળી ચીંધે છે.

### નવી પેઢી સોફ્ટ ટાર્ગેટ: WHOની થિમ સુરત માટે એલાર્મ બેલ

બજારમાં નવી આવેલી ફ્લેવર્ડ સિગારેટ, વેપ (Vape) અને આકર્ષક પેકિંગમાં મળતી તમાકુ પ્રોડક્ટ્સ તરફ શાળાના વિદ્યાર્થીઓ ઝડપથી આકર્ષાઈ રહ્યા છે. ડોક્ટરોના મતે, હોસ્પિટલોની બહાર થતું ધૂમ્રપાન દર્દીઓના સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં છે, જ્યારે શાળાઓની બહાર મળતી તમાકુ દેશના ભવિષ્યને પાયમાલ કરી રહી છે.

સુરતઃ આવતીકાલે વિશ્વ તમાકુ નિષેધ દિવસ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા આ વર્ષની સત્તાવાર થીમ તમાકુ-નિકોટીનના આકર્ષણને બેનકાબ કરવું અને વ્યસનનો સામનો કરવો નક્કી કરવામાં આવી છે. આ અભિયાન ખાસ કરીને કંપનીઓ દ્વારા આકર્ષક ફ્લેવર્સ અને ટ્રેન્ડી ડિઝાઈનથી બાળકો-યુવાનોને જે રીતે ટાર્ગેટ કરવામાં આવે છે તેને ખુલ્લું પાડવા માટે છે. પરંતુ સુરત શહેરની ગ્રાઉન્ડ રિયાલિટી પર નજર કરીએ તો, અહીં કાયદાનું જ 'અપહરણ' થઈ ગયું હોય તેવી સ્થિતિ છે. નિયમ મુજબ કોઈપણ સ્કૂલ, કોલેજ કે હોસ્પિટલની 100 મીટરની ત્રિજ્યામાં તમાકુ કે સિગારેટનું વેચાણ સદંતર પ્રતિબંધિત છે. આ કાયદાનો મુખ્ય હેતુ સગીરો અને દર્દીઓને આ દૂષણથી બચાવવાનો છે. સુરતના વરાછા, કતારગામ, રાંદેર કે અઠવા ઝોનની મોટાભાગની શાળાઓ અને હોસ્પિટલોની બહાર બિલકુલ નજર સામે જ પાનના ગલ્લા અને સિગારેટની લારીઓ ધમધમી રહી છે. નવી સિવિલ હોસ્પિટલના તો કેમ્પસમાં જ અને ગેટ પાસે જ વેચાણ થઈ રહ્યું છે. સુરત મહાનગરપાલિકાનો આરોગ્ય વિભાગ સમયાંતરે ડ્રાઈવ યોજીને દંડ વસૂલવાના આંકડા જાહેર કરે છે. પરંતુ જનતાનો આક્ષેપ છે કે આ કામગીરી માત્ર કાગળ પર અને આંકડાની માયાજાળ પૂરતી સીમિત છે.

# સુરતમાં યુવતીઓમાં વ્યસનનો વધતો ટ્રેન્ડ ,કેન્સરના કેસ વધ્યા

**વેપિંગ, હુક્કા, સ્મોકિંગ અને અન્ય વ્યસનોના કારણે યુવતીઓમાં આરોગ્ય જોખમ વધ્યું**

**સિવિલના કેન્સર સેન્ટરમાં દરરોજ નોંધાતા કેન્સરના દર્દીઓમાં 40 ટકા મહિલાઓ**



સુરતઃ દર વર્ષે 31 મેના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિવસ ઉજવવામાં આવે છે. આધુનિક અને બદલાતી જીવનશૈલી વચ્ચે સુરત શહેરમાં યુવતીઓમાં વ્યસનનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું હોવાનું આરોગ્ય નિષ્ણાતો જણાવી રહ્યા છે. નવી સિવિલ કેન્સર સેન્ટરમાં નોંધાઈ રહેલા દર્દીમાં 40 ટકા મહિલાઓ હોવાની ચોંકાવનારી માહિતી પ્રાપ્ત થઈ રહી છે. વેપિંગ, હુક્કા, સ્મોકિંગ, ગાંજા, આલ્કોહોલ સહિતના વિવિધ નશાકારક પદાર્થોનું સેવન હવે માત્ર યુવકો પૂરતું મર્યાદિત રહ્યું નથી. ખાસ કરીને હાઈ-પ્રોફાઈલ અને અર્બન લાઈફસ્ટાઈલ ધરાવતી યુવતીઓમાં આવા વ્યસનોનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે. સુરત નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત લાયન્સ કેન્સર સેન્ટરના આસિસ્ટન્ટ મેડિકલ ડાયરેક્ટ ડો. રોશની જરીવાલાએ જણાવ્યું હતું કે, દરરોજ અંદાજે 300થી 400 દર્દીઓની OPD નોંધાય છે. તેમાં રોજના સરેરાશ 25 જેટલા નવા કેન્સરના દર્દીઓ સામે આવી રહ્યા છે. ચિંતાની બાબત એ છે કે, આ દર્દીઓમાં 40થી 50 ટકા મહિલાઓનો સમાવેશ થાય છે. તમાકુ અને અન્ય નશાકારક પદાર્થોનું સતત સેવન મોઢા, ગળા, ફેફસાં અને અન્ય પ્રકારના કેન્સરનું જોખમ વધારી શકે છે. હાલના ટ્રેન્ડને જોતા આગામી 10 વર્ષમાં યુવતીઓમાં કેન્સર અને અન્ય ગંભીર બીમારીઓના કેસોમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આજની થોડી મજા આવતીકાલનું મોટું દુઃખ ન બને તેવો સંદેશો પણ આપવામાં આવ્યો હતો.

# અમરોલીમાં મહિલાને મારેલો પથ્થર પિતાના માથામાં વાગ્યો

**કૌટુંબિક વિખવાદમાં પુત્ર ઝઘડો કરતાં પિતા સમજાવવા ગયા હતા**

સુરત : સંબંધી સાથે ચાલી રહેલા ઝગડામાં પુત્રએ મહિલાને પથ્થર માર્યો હતો. જો કે મહિલાને બચાવવા પિતા વચ્ચે આવી જતાં પથ્થર તેમને વાગતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા.

કોસાડ ગામ ખાતે આવેલી તેજાભાઈ રબારીની વાડીમાં વાલજીભાઈ ઝવેરભાઈ વાઘેલા (ઉં.વ. ૬૨) પોતાના પરિવાર સાથે રહે છે. તેમના પુત્ર લક્ષ્મણભાઈ વાઘેલાનો તેમના જ એક સંબંધી મહિલા લીલાબેન સાથે સાથે રહેવા બાબતે ચાલતા વિવાદ વચ્ચે શુક્રવારે બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. તે સમયે પિતા વાલજીભાઈએ પુત્ર લક્ષ્મણને શાંત રહેવા કહ્યું હતું. જો કે પિતાની શિખામણ સાંભળીને પુત્ર લક્ષ્મણ વધુ ઉશ્કેરાઈ ગયો હતો અને પિતાને અપમાનિત કર્યા હતાં. આક્રોશમાં અંધ બનેલા લક્ષ્મણે લીલાબેનને ટાર્ગેટ કરીને નજીકમાં પડેલો એક મોટો પથ્થર તેમની તરફ ફેંક્યો હતો જો કે લીલાબેનને બચાવવા વાલજીભાઈ વચ્ચે આવી જતાં આ પથ્થર તેમના માથા પર વાગી ગયો હતો.

પથ્થર વાગતા જ વૃદ્ધ પિતા લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. પિતાને હોસ્પિટલમાં ખસેડવાને બદલે તે નાસી છૂટ્યો હતો અને આસપાસના લોકોએ તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.

# ઉધનાના આનંદ અને જીગાની પોલીસ હેડક્વાર્ટરમાં બદલી

**બે વહીવટદારોની લડાઈમાં 'ત્રીજો ફાવશે' તેવી ચર્ચાએ જોર પકડ્યું**

સુરતઃ શહેરના ઉધના પોલીસ સ્ટેશનમાં નવા પીઆઈ (પોલીસ ઈન્સ્પેક્ટર)ની નિમણૂક થતાંની સાથે જ શરૂ થયેલા 'વહીવટ'ના આંતરિક ડખાને કારણે આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે કથળી ગઈ હતી. આ આંતરિક વિખવાદનો આખરે અંત આણતા પોલીસ કમિશનરે કડક પગલાં ભરીને પૂર્વ વહીવટદાર આનંદ અને હાલના વહીવટદાર જીગાને તાત્કાલિક અસરથી હેડ ક્વાર્ટર બદલી (લાઈન હાજર) કરવાનો હુકમ કર્યો છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ઉધના પોલીસ સ્ટેશનમાં નવા પીઆઈ ચાર્જ સંભાળે તે સાથે જ જૂના અને નવા વહીવટદારો વચ્ચે 'મલાઈદાર' વહીવટ મેળવવા માટે કાવાદાવા શરૂ થઈ ગયા હતા. પરિણામે, છેલ્લા કેટલાક સમયથી ઉધના વિસ્તારમાં ગુનેગારો સાવ બેફામ બન્યા હતા.

વહીવટદારોની આ માથાકૂટ દરમિયાન ઉધના વિસ્તારમાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા ઉડ્યા હતા. વિસ્તારમાં સતત હત્યા અને હત્યાની કોશિશ (હાફ મર્ડર) જેવા ગંભીર ગુનાઓનો સિલસિલો શરૂ થઈ ગયો હતો. આટલું જ નહીં, ખાખીની રહેમનજર હેઠળ ચાલતા દારૂના અડ્ડાવાળાઓ અને બૂટલેગરો પણ કોઈના ડર વગર બેફામ બનીને ધંધો ચલાવી રહ્યા હતા, જેના કારણે સ્થાનિક જનતામાં ભારે રોષ જોવા મળ્યો હતો.

પોલીસ કમિશનરે વહીવટની લડાઈમાં વ્યસ્ત બન્ને વહીવટદારો - પૂર્વ વહીવટદાર આનંદ અને હાલના વહીવટદાર જીગાને તાત્કાલિક અસરથી પોલીસ હેડ ક્વાર્ટર ખાતે બદલી કરવાનો આદેશ જારી કરી દીધો છે. કમિશનરના આ આકરા પગલાંથી પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.

ઉધના પોલીસ સ્ટેશનના આ બંને વહીવટદારોની વિદાય બાદ હવે પોલીસ આલમમાં નવી ચર્ચા જાગી છે કે 'બે બાગડ બિલ્લાઓની લડાઈમાં ત્રીજો ફાવશે'.

# 2 જૂને વરાછા-લિંબાયત ઝોનના અનેક વિસ્તારમાં પાણીકાપ

**વીજ પુરવઠો બંધ રહેવાનો હોવાથી પાણી પમ્પિંગ કરવાની કામગીરી ખોરવાશે**

સુરતઃ મગોબ જળ વિતરણ મથક ખાતે આગામી તા. 2 જૂને વીજકંપનીઓ દ્વારા 66 કે.વી. પૂણા સબ સ્ટેશનનું પ્રી-મોનસૂન મેન્ટેનન્સ હાથ ધરવામાં આવશે. આ કામગીરીને કારણે સવારે 7 વાગ્યાથી બપોરના 3 વાગ્યા સુધી પાવર સપ્લાય સંપૂર્ણ બંધ (શટ-ડાઉન) રહેશે. વીજ પુરવઠો બંધ રહેશે આ વીજ કાપના કારણે શિવનગર, ઈશ્વરનગર, કૈલાસનગર, ચામુંડા નગર, બાલમુકુંદ, અર્જુન નગર, શ્રીનાથ નગર, સૂર્ય નગર, ગુરુકૃપા, કબીર નગર, ઋક્ષમણી સોસાયટી, શિવાજી નગર, અંબિકા સોસાયટી, નારાયણ નગર, અશોક વાટિકા, સંગમ નગર, ઠાકોરદ્વાર, રાજેશ્રી, ખોડિયાર નગર, લક્ષ્મી નગર, ભગવતી નગર, હસ્તિનાપુર, સક્કતા, મારૂતિ નગર, અંબિકાનિકેતન, આશીર્વાદ સોસાયટી, ભયાનગર, કૃષ્ણનગર, ગુરુનગર, કાલાપુલ, લક્ષ્મણનગર, પુણા ગામતળ, નંદનવન, દીપમાલા એપા., આશા નગર, અમરધામ એપા., અંજની એપા., ગાયત્રી સોસાયટી, સીતાનગર, માતૃશક્તિ, દાનગીગેવ, શાંતિ નગર, સત્યનારાયણ સોસાયટી, કૃષ્ણ પાર્ક, હરેકૃષ્ણ, કલ્યાણ નગર, વલ્લભનગર, શંકર નગર, પુષ્પા નગર, અભય નગર, રેશમા રો-હાઉસ, શિવાંજલિ, શિવધારા, સહજ રો-હાઉસ, સજાવત બંગલોઝ, શુભ રેસિડન્સી, ખુશી બંગ્લોઝ, શાંતિ વિહાર, દેવી કૃપા, મહાવીર નગર, દર્શન રેસીડન્સી, વકીલ વાડી સ્પોર્ટસ ક્લબ, મુક્તિધામ સોસાયટી, વિક્રમ નગર 1થી 4, સંતોષીનગર, શ્રીનાથજી સોસાયટી, બજરંગ નગર, ગંગાનગર, કૈલાસધામ, રણુજા ધામ, રાધાસ્વામી નગર, લક્ષ્મીપાર્ક, સંસ્કારધામ, કિરતીધામ, ધનવર્ષા સોસાયટી, જયવીર, કૌશલ દર્શન, મહેન્દ્ર પાર્ક, રંગીલાપાર્ક, શિવ રો હાઉસ, સુભાષનગર, વસંતજી પાર્ક, વૃંદાવન પાર્ક, સુમન સંગીની, શુભમ રેસીડેન્સી, શુભમ એવન્યુ તેમજ આ જળ વિતરણ મથક સાથે જોડાયેલા તમામ વિસ્તારો પ્રભાવિત થશે.

# ઈબોલા સામે સ્મીમેરમાં પણ ખાસ વોર્ડ તૈયાર કરાયો

**ઈબોલાના દર્દીની સારવારમાં કાળજી રાખવા સંદર્ભે કર્મચારીઓને તાલીમ આપવામાં આવી**

સુરતઃ વિશ્વના અનેક દેશોમાં ફરી એકવાર ઈબોલા વાયરસને લઈને ચિંતા વધી રહી છે ત્યારે કોઈ પણ સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે નવી સિવિલ હોસ્પિટલ બાદ શહેરની પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં સ્પેશિયલ વોર્ડ તૈયાર કરાયો હતો.

સ્મીમેર હોસ્પિટલના ત્રીજા માળે ૨૭ બેડનો ખાસ વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. સાથે બે અલગ આઈસોલેશન રૂમ પણ ઉભા કરવામાં આવ્યા છે, જેથી કોઈ શંકાસ્પદ દર્દી આવે તો તેને અન્ય દર્દીઓથી સંપૂર્ણપણે અલગ રાખી સારવાર આપી શકાય. હોસ્પિટલમાં જરૂરી મેડિકલ સાધનો અને સુરક્ષા કિટની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઈબોલા જેવી ગંભીર અને ચેપી બીમારી સામે ઝડપી પ્રતિસાદ મળી રહે તે માટે હોસ્પિટલ દ્વારા રેસિડેન્ટ ડોક્ટર, નર્સિંગ સ્ટાફ અને વોર્ડ બોય સહિતની અલગ ટીમ તૈનાત કરવામાં આવી છે. સ્ટાફને દર્દીની સારવાર દરમિયાન અનુસરવાની સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. સ્ટાફ માટે ખાસ ટ્રેનિંગ સેશન પણ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં ઈબોલાના લક્ષણો, દર્દીને હેન્ડલ કરવાની પદ્ધતિ, સંક્રમણથી બચવા માટેના પ્રોટોકોલ અને ઈમરજન્સી રિસ્પોન્સ અંગે માહિતગાર કરવામાં આવી રહ્યા છે.

# મારુતિનંદન ડેવલોપર્સના કાન આમળતી ગ્રાહક કોર્ટ

**બિલ્ડરને દુકાનના સોદામાં આપેલી બાકી રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ**

સુરતઃ ગેરકાયદે દુકાનનો સોદો કર્યા બાદ બીજાને દુકાન વેચી બાના પેટે આપેલી રકમનો ચેક પણ રિટર્ન થતાં સેવામાં ક્ષતિ, ઉણપ અને બેદરકારી દાખવનાર મારૂતિ નંદન ડેવલોપર્સ ભાગીદારોને ફરિયાદીને કાયદેસરની લેવાની થતી રકમ રૂા. પાંચ લાખ વ્યાજ સહિત ચૂકવી આપવાનો હુકમ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને કર્યો હતો. સિમાડા ગામ મારુતિનગર સોસાયટીમાં રહેતાં ગંગારામ રામનરેશ યાદવએ મારૂતિ નંદન ડેવલોપર્સના સંજય ઘનશ્યામભાઈ લાઠિયા, યોગેશ ઘનશ્યામભાઈ લાઠિયા, શિલ્પા સંજયભાઈ લાઠિયા(રહે.મંગલમૂર્તિ કોમ્પલેક્ષ, નાના વરાછા, સીમાડા ગામ) વિરુદ્ધ એડવોકેટ પ્રીતિ જીજ્ઞેશ જોષી મારફતે ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનનાં પ્રમુખ ન્યાયાધિશ આર.એલ.ઠક્કર, સભ્ય પૂર્વી વી. જોષીએ ફરીયાદ પક્ષ તરફે ચુકાદો આપ્યો હતો.

# મોટી બેગમવાડીની ઓમશંકર માર્કેટમાં વેપારીઓનો હંગામો

**બ્રોકરોએ ભાડાની દુકાનોનું ભાડું નહીં ચૂકવતાં માલિકોએ તાળાં તોડી પોતાનાં તાળાં મારી દીધાં**



સુરતઃ સુરતના રિંગ રોડ,મોટી બેગમવાડી વિસ્તારમાં આવેલી ઓમ શંકર ટેક્સટાઈલ માર્કેટ માર્કેટમાં આજે શનિવારે હંગામો થયો હતો. રિંગરોડની શિવશક્તિ માર્કેટમાં આગ લાગ્યા પછી કેટલાક કાપડના વેપારીઓ બ્રોકરોની મદદથી અહીં ભાડાની દુકાનોમાં શિફ્ટ થયા હતા. દરમિયાન દુકાનદારોએ ચૂકવેલું ભાડું બ્રોકરોએ દુકાન માલિકોને નહીં ચૂકવતા માલિકોએ ભાડુઆત વેપારીઓની દુકાનનાં તાળાં તોડી પોતાનાં તાળાં લગાવી દેતા સવારે વેપારીઓ દુકાન ખોલવા આવ્યા ત્યારે હંગામો મચ્યો હતો. 10થી 12 દુકાનોના માલિકોએ સમયસર ભાડું નહીં મળતા બ્રોકરો થકી ભાડે આપેલી દુકાનોનાં તાળાં તોડી પોતાની માલિકીની દુકાનોમાં તાળાઓ મારી દીધાં હતાં. દુકાન માલિકોની માંગ હતી કે, દુકાન ભાડે રાખનાર વેપારી સીધું ભાડું ચૂકવે, અથવા કાપડનો જથ્થો ખાલી કરી બીજે શિફ્ટ થઈ જાય,

ઓમશંકર માર્કેટ એ સુરતના રિંગ રોડ પર આવેલું એક જાણીતું હોલસેલ કાપડ બજાર છે. આ માર્કેટ ખાસ કરીને તૈયાર વસ્ત્રો, સાડીઓ અને વિવિધ ડ્રેસ મટિરિયલ્સના જથ્થાબંધ વેપાર માટે પ્રખ્યાત છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**રોહાઉસ વેચવાનું છે**
સોલાર તેમજ ફિક્સ ફર્નિચર સાથે. G 1.5 ફ્લોર 78, પુષ્પક સોસાયટી, ટેકરાવાળા સ્કૂલ પાસે પાલનપુર પાટીયા રાંદેર રોડ
9825511699

**દુકાન વેચવાની છે**
G/4 ગ્રાઉન્ડ ફ્લોર 378 સ્કે. ફિટ સંગીત સરિતા કોમ્પલેક્ષ સ્નેહ સંકુલ વાડી પાસે, આનંદ મહેલ રોડ, અડાજણ
9825511699

**Fast Deal**
પાલ, પાલનપુર વિસ્તારમાં કેશ પેમેન્ટમાં પ્રોપર્ટી લે-વેચ માટે મળો
73830 18982
98793 16241

**1BHK & 2BHK ફ્લેટ વેચાણથી આપવાના છે**
ઉધના મેઈન રોડ ઉપર
99247 27555

**શૈક્ષણિક સંસ્થા માટે અંદાજિત 3,000 વાર જમીન અથવા તૈયાર સ્કૂલ**
વેસુની આસપાસ 5 કિલોમીટરના વિસ્તારમાં વેચાણથી અથવા લોંગ લીઝ પર જોઈએ છે
Mo-7069408897, 9909917199

**નાનપુરા વિસ્તારમાં પહેલા અને બીજા માળે ૧૦૦૦ સ્કવેરફુટ જગ્યા ભાડે આપવાની છે. પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય**
મોબાઇલ નં. 9898041152

**ભાડે આપવાની છે**
નેશનલ હાઈવે નં.- 8, ફાઉન્ટેન હોટલની બાજુમાં
75,000 સ્કવેર ફીટ
જગ્યા ભાડે આપવાની છે 10 વર્ષની કંડીશન પર, NA ક્લીયર સાથે.
Mo:-9824084073

**જોઈએ છે**
હિન્દી માધ્યમ ધોરણ 1 થી 4માં બધા વિષયો ધોરણ 5 થી 8 ગણિત વિજ્ઞાન અંગ્રેજી સામાજિક વિજ્ઞાન ગુજરાતી હિન્દી સંસ્કૃત ભણાવી શકે તેવા ભાઈઓ/ બહેનોએ રૂબરૂ મળવું અનુરાગ હિન્દી વિદ્યાભવન ગાયત્રી સોસાયટી, પરવત પાટીયા, સુરત. મો- 7573998091

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**મહાદેવ ટુર એન્ડ** ટ્રાવેલ્સ. (ગળતેશ્વર, ડાકોર) (દ્વારકા, સોમનાથ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) (આબુ, અંબાજી) (શિરડી, સાપુતારા) 8238872861, 7802062340 (119)

**(સાગર- 9427113317)** અધિકમાં ડાકોર, ગળતેશ્વર, શનિવાર 750/- રવિવાર/. (18-જુનમાં ગોવા ત્રણ નાઈટ)

**ઓમશિવ ટ્રાવેલ્સ** 8- જૂન, હરિદ્વાર, મથુરા, વૃંદાવન, બરસાણા, જયપુર, પૂષ્કર. 3, 10- જૂન, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 4, 11- જુન, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત. 9327199997, 9537838949

**Date- 4/06** ચોક્કસ ઉપડશે, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. જમવા સાથે, સ્લીપર- 8238796119

વ્યવસાયીક ધંધાકીય

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**વુલન સ્વેટર,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**નવકાર વોટર પ્રુફિંગ** 25માં વર્ષમાં મંગળ પ્રવેશ જુના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (128)

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**હાર્ડવેર, ટૂલ્સ,** નટ- બોલ્ટ, પ્લાસ્ટિક તાડપત્રી, G, I, M, S પાઈપ ફિટિંગ, ગ્રીન નેટ, કાથાદોરી, ફાઉન્ડેશન બોલ્ટ, ફિક્સ અને રિંગ પાના, લોખંડ ના હેવી રેક અને ઘોડા તેમજ બિલ્ડિંગ મટીરિયલ સંબંધિત તમામ સામાન મેક્સિમમ ડિસ્કાઉન્ટ માં આપવાનો છે 7990712433

**હાર્ડવેર અને પ્લાસ્ટીક** તાડપત્રી અને પ્લાસ્ટિક બેનર માટે હોલસેલ સ્ટોરમાં માર્કેટીંગ અને પેમ્પલેટ વિતરણ માટે માણસો જોઈએ છે. 9898063315

**પતરાના શેડ** તથા ડોમ ફેબ્રીકેશન કામ અને લિફ્ટ બનાવવા માટે. 9979989971

મિલ્કત ભાડે -વેચાણ

**નાની ઓફિસ** ભાડેથી/ વેચાણથી આપવાની ઓનલાઈન/ કોસ્મેટિક સપ્લાય/ મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ રિંગરોડ. 9228207838

મિલ્કત વેચવાની છે

**U G. 26, દુકાન** વેચાણથી આકાશ બિઝનેશ સેન્ટર પીપલોદ, Mo. 9033160362.

**પીપલોદમાં બંગ્લો** તેમજ અડાજણમાં ફ્લેટ/ તેમજ રો હાઉસ વેચાણ / ભાડે આપવાનું 9909775590 (126)

**૨ માળ કોર્નર નું** માર્જિન ની જગ્યા સાથે મકાન વેચવાનું છે ૧૩ X ૪૫ 1, હરેશ્વર સોસાયટી, કદમ્બ ભવન હોલની સામે, ટીમલીયાવાડ, નાનપુરા મો: 9825472525/ 7878693939

**સૂરતમાં યુનિવર્સિટિ** પાસે મેઈનરોડ આગમ એમ્પોરિયમના પહેલા માળે દુકાન વ્યાજબી ભાવથી વેચવાની છે 9104614923 (131)

મિલ્કત ભાડેથી

**ઓપન પ્લોટ ભાડેથી** આશરે 800/ 900 ફૂટ, સલાબતપુરા શહીદ ચોકની સામે, જલારામ સ્કૂટરની બાજુમાં મળો. 9227905125

**ફ્લેટના ભાવમાં પ્લોટ** બંગલા લાયક સરળ હપ્તેથી માલિક બનો ન્યુ અલથાણમાં 8160763127 (125)

નોકરી વિષયક

**અમારે સાફ સફાઈ** થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

**ડેન્ટલ માટે** અનુભવી સ્ટાફ જોઈએ છે. ઉગત, કેનાલરોડ. સંપર્ક કરો... 9664517181

**વેસુમાં CAની ઓફિસ** માટે Tally Income Tax (Genius), GST માટે Experienced Staff Whatsapp 9825481248

**શિક્ષકો જોઈએ છે** વ્યવસાયલક્ષી શિક્ષકો : ઈન્ટિરિયર ડિઝાઈન, ઈલેક્ટ્રિકલ, ઓટોમોબાઈલ, પ્લમ્બિંગ, સુથારીકામ. પૂર્વ પ્રાથમિક વિભાગ: પ્રિ.પી.ટી.સી. પ્રાથમિક વિભાગ: ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી. તા. ૦૨/૦૬/૨૬ સવારે ૧૦ કલાકે. આઈ.જી.દેસાઈ વિદ્યાસંકુલ, સી.એન. જી. પંપની સામે, ભટાર ચાર રસ્તા, સુરત (મો) ૯૮૭૯૨૦૯૮૭૪.(127)

**સુરત સીટી માટે** સેલ્સમેન જોઈએ છે સુરત સીટીમાં શૈક્ષણિક સાધનોના માર્કેટિંગ માટે સેલ્સમેન જોઈએ છે- કેમ ટ્રેડર્સ, પહેલો માળ, વિનરાજ પ્લાઝા, ગવર્મેન્ટ પ્રેસ સામે, કોઠી રોડ, વડોદરા. મોબાઈલ- 9825033122

**ઓપન ઈન્ટરવ્યુ** સુરચના એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એચ.આઈ.વી/ એઈડ્સ પ્રોજેક્ટ અંતર્ગત આઉટરીચ વર્કર જગ્યા- 1 (લાયકાત - 12 પાસ) (સમુદાયના લોકોને પ્રાધાન્ય આપવામાં આવશે.) માસિક પગાર 10,500/- T.A. 1500/- ) માટે કરાર આધારિત ભરતી કરવાની છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઈન્ટવરવ્યું માટે તારીખ: 05/06/26 શુક્રવાર. સમય:- સવારે 10:30 કલાકથી બપોરે 12:30 કલાક દરમિયાન અસલ તેમજ પ્રામાણિત સર્ટીફીકેટ સાથે હાજર રહેવું. સ્થળ:- 301, ત્રીજોમાળ, જમાના ચેમ્બર્સ, લક્ષ્મી હોટલની બાજુમાં , હિરાબાગ, વરાછા, સુરત- 395006, અનુભવી ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે. સંપર્ક:- 7698067860/ 7984860034 (132)

**ડ્રાઈવર જોઈએ છે** સુરત સીટી માટે થ્રી વ્હીલર અને ફોર વ્હીલર માટે અને ઉઘરાણી કરી શકે તેવા અનુભવી ડ્રાઈવરની જરૂરિયાત છે સંપર્ક:- 8815087042/ 9909950414

**ઓફિસ માટે** અનુભવી રસોઈયા (Chef)ની જરૂર છે. દરરોજ 35થી 40 લોકોનું લંચ બનાવી શકે તેવા ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે. સ્થળ: સુરત 7861987283

**જોઈએ છે** ફિમેલ સ્ટાફ બ્યુટીશિયન grace & glamour salon, પાલ અને જહાંગીરપુરા માટે, 9374749545

**સેલ્સ એક્ઝીક્યુટીવ** જોઈએ છે. સેકન્ડહેન્ડ કારના શોરૂમ માટે. પગાર: 20,000/- . 9824180372

**માણસ- છોકરો જોઈએ** અડાજણમાં સોડા શોપમાં સાવરે 10:00- 8:00 પગાર- 12000. 9377420421

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*